# દેવભૂમિ દ્વારકાના ટંકારિયા ગામમાં વધુ ૧૫ ઈંચ વરસાદ ખાબક્યો

### સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ : દ્વારકા જિલ્લાના અનેક ગામોમાં ભારે વરસાદથી લોકો મુશ્કેલીમાં : કેશોદ-માંગરોળમાં આઠ ઇંચથી વધુ વરસાદ : ૧૧૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ

અમદાવાદ, તા. ૩૦

વાણિજ્ય પાટનગર મુંબઈની સાથે સાથે ગુજરાતભરમાં પણ અતિભારે વરસાદ જારીરહ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના કારણે હાલત કફોડી થયેલી છે. દ્વારકા જિલ્લાના ખંભાળિયા અને કલ્યાણપુરમાં ચાર કલાકમાં વધુ ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ગયો છે જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કેશોદ અને માંગરોળમાં આઠ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ગયો છે. આવી જ રીતે છેલ્લા ૨૪ કલાક દરમિયાન જામકલ્યાણપુર, ઉપલેટા, વાપી, વિસાવદર, જામનગરમાં અતિભારે વરસાદ થયો છે. દેવભૂમિ દ્વારકાના ટંકારિયા ગામે ૧૫ ઈંચ વરસાદથી બારડી પંથક બેટમાં ફેરવાયું છે. દ્વારકા જિલ્લાના અન્ય ભાગોમાં સૌથી કફોડી હાલત સર્જાઈ છે.

છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ વરસાદ થયો છે. જ્યારે આઠ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ તેમજ ૨૨ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ, ૬૯ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ થયોછે જેના કારણે જનજીવનને અસર થઈ છે. રાજ્યના ૧૧૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. કેશોદ અને માંગરોળમાં આઠ ઈંચ, માણવદરમાં ૬ ઈંચ, ખંભાળિયા, માળિયા, કલ્યાણપુરમાં ૨૪ કલાકમાં પાંચ ઈંચથી વધુ વરસાદ થઈ ચુક્યો છે. આજે ખંભાળિયા અને કલ્યાણપુરમાં ટુંકા ગાળામાં જ છ ઈંચ વરસાદના પરિણામ સ્વરુપે ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. રાજયમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસવાનું ચાલુ રાખીને રાજ્યના ૧૧૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસાવ્યો છે. જેમાં જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં ૨૦૪ મી.મી અને માંગરોળમાં ૧૯૮ મી.મી., મળી કુલ બે તાલુકામાં આઠ ઈંચ, માણાવદરમાં ૧૫૨ મી.મી., એટલે કે ૬ ઈંચ અને ખંભાળીયામાં ૧૪૪ મી.મી., માળીયામાં ૧૨૮ મી.મી., કલ્યાણપુરામાં ૧૨૬ મી.મી., મળી કુલ ત્રણ તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે.

# પુર તારાજીનો ભોગ બનેલા ધરતીપુત્રને સહાય ચુકવણી

### મુખ્યમંત્રી દ્વારા બનાસકાંઠાના ૨.૬૫ લાખ ધરતીપુત્રોને સહાય ચુકવણી શરૂ : કેશડોલ્સના ૬૦૫૦ લાખ ચુકવાયા

પાલનપુર, તા. ૩૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તાજેતરમાં પુરના પ્રચંડ પ્રકોપનો ભોગ બનેલા બનાસકાંઠાને ત્વરાએ પુર્વવત કરી રાજયનો શ્રેષ્ઠ અને સુવિધાસભર જિલ્લો બનાવવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે પુરના પ્રકોપ સામે પ્રજાના ખમીર અને રાજ્ય સરકારના સમયસરના સહાય રાહત પગલાંના પુરૂષાર્થથી વિજય મેળવવાનું ભગીરથ કાર્ય આપણે પાર પાડ્યું છે. મુખ્યમંત્રીએ બનાસકાંઠાના દિયોદરમાં ખેડુતોને પાક-વાવેતરના નુકસાન પેટે ૨ લાખ ૬૫ હજાર ખેડુતોને ૬૩૦ કરોડની સહાયના ચેક વિતરણનો પ્રતિકાત્મક પ્રારંભ કરાવ્યો હતો. તેમણે ૨૦૧૫ અને ૨૦૧૭ એમ સતત બે મોસમમાં વરસાદી પાણી નદીના વહેણ બદલવાથી તારાજીનો ભોગ બનેલા ગામોને નવી જગ્યાએ વસાવવાના રાજ્ય સરકારના નિર્ણયના ભાગરૂપે ૧૦ ગામોના સરપંચોને નવું ગામતળ નીમ કરવાના પત્રો પણ અર્પણ કર્યા હતા. વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, નવા ગામોને તેમની હાલની સુવિધાઓ કરતાં પણ



બહેતરીન સગવડો, શાળા, આરોગ્ય કેન્દ્રો, રસ્તા, વીજળી જેવી તમામ માળખાકીય સુવિધા સાથે વસાવવામાં સરકાર નાણાની કોઈ કસર છોડશે નહિ. મુખ્યમંત્રીએ કહ્યું કે, બનાસકાંઠાની આ વિપદામાં સાડા ૬ કરોડ ગુજરાતીઓએ પડખે રહીને હૂંફ-સધિયારા-સહાયનો ધોધ વરસાવ્યો છે. ૧૧ લાખ લોકોને કેશ ડોલ્સ, ઘરવખરી સહાય અપાઈ ગઈ છે. તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકાર જમીન ધોવાણનો સરવે પૂર્ણ કરીને અસરગ્રસ્તોને સહાય તેમજ પાક વીમાની રકમ પણ ત્વરાએ આપવા સંકલ્પબદ્ધ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ સહાય ચુકવણીમાં પણ પારદર્શિતા દાખવી ખેડુતોના બેન્ક ખાતામાં જ સીધી સહાય રકમ જમા થાય તે સુનિશ્ચિત કર્યું છે. તેમણે ઉમેર્યુ કે, પુરની ભયાનકતા અને સર્જાયેલી તારાજીમાંથી જનજીવન પૂર્વવત કરવા પાંચ પાંચ દિવસ સુધી આખી સરકાર અસરગ્રસ્તો વચ્ચે આવીને ત્વરિત નિર્ણયોથી પ્રજા સાથે સંવેદનાથી જોડાઈ ગઈ હતી. અમે બીજા લોકોની જેમ પ્રજાની પીડાથી દુર જઈને પલાયનવાદી વૃત્તિ ધરાવનાર સંવેદનહીન લોકો નથી, એમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ બનાસકાંઠા જિલ્લાના મહેનતુ, સમજુ અને સંસ્કારી ખેડુતોની સરાહના કરી હતી. તેમણે કહ્યું કે પુરની પરિસ્થિતિમાં માત્ર પાંચ જ દિવસમાં સરકારે તમામ ગામોમાં વિજળી ચાલુ કરી અને રસ્તા રિપેર કર્યા તથા પીવાનું પાણી, સફાઈ અને આરોગ્યની-સુવિધાઓ પૂર્વવ્‌ત કરાઈ હતી.

# રાહુલ ગાંધીની યાત્રાને લઈને કોંગ્રેસની તડામાર તૈયારીઓ

### અશોક ગેહલોત સહિતના આગેવાનોની યોજાયેલી મિટિંગ કાર્યક્રમને સફળ બનાવવા માટે પૂરજોશમાં તૈયારી જારી

અમદાવાદ,તા. ૩૦

અમદાવાદ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ પર તા.૪થી સપ્ટેમ્બરના રાહુલ ગાંધીના કાર્યક્રમને લઈ ગુજરાત કોંગ્રેસમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાહુલ ગાંધીની મુલાકાત અને તા.૪થીના કાર્યક્રમના ભાગરૂપે ગુજરાત કોંગ્રેસમાં બેઠકોનો દોર પણ ચાલી રહ્યો છે. આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકી, ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત સહિતના આગેવાનોની મહત્વની બેઠક મળી હતી, જેમાં આ મુદ્દે ચર્ચા વિચારણા અને જરૂરી રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. બેઠકમાં કાર્યક્રમને સફળ બનાવવા પૂરજોશમાં તૈયારીઓ કરવાની તાકીદ કરાઈ હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા તા.૪થી સપ્ટેમ્બરે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પંચાયતી રાજના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓનું વિશાળ સંમેલન રાખવામાં આવ્યું છે, જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ખાસ હાજર રહેવાના છે. તેમની મુલાકાતને લઈ કોંગ્રેસ દ્વારા અત્યારથી રાજયના જિલ્લા-તાલુકા કક્ષાએથી ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો-નેતાઓને આમંત્રિત કરાયા છે. કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ભારે કમર કસી છે. તા.૪થી સપ્ટેમ્બરની રાહુલ ગાંધીની મુલાકાત બાદ તા. ૨૧થી તા. ૨૬ સપ્ટેમ્બર દરમ્યાન રાહુલ ગાંધી ગુજરાતના બે ઝોનમાં ત્રણ-ત્રણ દિવસનો પ્રચાર કરશે. સૌરાષ્ટ્રના દ્વારકા ખાતેથી રાહુલ ગાંધી કોંગ્રેસના પ્રચારની વિધિવત્ શરૂઆત કરે તેવી શકયતા છે. એ પછી તા. ૨ ઓકટોબરથી તા.૭ ઓકટોબર સુધી બીજા દિવસના કાર્યક્રમમાં રાહુલ ગાંધી રાજયના બીજા બે ઝોનમાં ત્રણ-ત્રણ દિવસનો ચૂંટણી પ્રચાર કરશે. જયારે તા.૮મી ઓકટોબરે યોજાનારા વિશાળ સંમેલનમાં ગુજરાતના ખેડૂતો, મહિલાઓ, બેરોજગારો, યુવાનો સહિતના પ્રશ્નોને વાચા આપશે. આમ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પ્રચારને લઈ રાહુલ ગાંધીના સપ્ટેમ્બર અને ઓકટોબર એમ બે મહિના દરમ્યાન કુલ ૧૪ દિવસના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. રાહુલ ગાંધીના પ્રચાર કાર્યક્રમ અને આગામી મુલાકાતને લઈ આજે પ્રદેશ કોંગ્રેસની બેઠક મળી હતી, જેમાં રાહુલ ગાંધીની મુલાકાત અને કાર્યક્રમને લઈ સમગ્ર રૂપરેખા અને આયોજન નક્કી કરવામાં આવ્યા હતા.



ડૉ. મનિષ ફેન્સી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ ખેડબ્રહ્મા ખાતે ભાદરવી પૂનમે મા અંબાના દર્શનાર્થીઓ માટે સાત આરોગ્ય સ્ટોલનું તથા એક સ્વાઈન ફ્લુ જન જાગૃતિ સ્ટોલનું આયોજન કરેલ છે. જેમાં તાલુકામાં આવેલ પ્રા.આ. કેન્દ્રના મેડીકલ ઓફિસર, સુપરવાઈઝર, મ.પ.હે.વ., તથા ફિ.હે.વ. કર્મચારી અને વર્ગ-૪ના કર્મચારી તથા આશા-આશા ફેસીલીટેટર કર્મચારીઓ મળી ૮૦ કર્મચારીઓ પોતાની ફરજ સેવા કેમ્પમાં ફરજ બજાવશે. વધુમાં એક ઈમરજન્સી મોબાઈલ વાનની પણ આયોજન કરેલ છે. જેમાં તાલુકા કક્ષાએથી ડૉ. આર.ડી. ગોસ્વામી તાલુકા હેલ્થ ઓફિસર ખેડબ્રહ્મા, એસ.એસ. ગોસ્વામી તાલુકા આઈ.ઈ.સી. ઓફિસર ખેડબ્રહ્મા તથા એ.ડી. પંડ્યા તાલુકા સુપરવાઈઝર અને શ્રીમતી બી.કે. જોષી તાલુકા હેલ્થ વીઝીટર આરોગ્ય સેવા કેમ્પોનું મોનીટરીંગ અને સુપરવિઝનની કામગીરી કરશે.

# દલિત સમાજ દ્વારા ધાનેરામાં ભાદરવી નોમ નિમિતે રામદેવ પીરને નેજા ચડાવ્યા

ધાનેરા માંભાદરવી નોમ નિમિતે દલિત સમાજ ધ્વરા બાબા રામદેવ પીર ને નેજા ચડાવ્યા હતા જેમાં રમેશભાઈ બોધુ ના ઘરથી આવેલું નેજુ આકર્ષણ નું કેન્દ્ર બન્યું હતું.

ભાદરવી નોમ એટલે બાબા રામદેવ પીર નો દિવસ અને આજે ભાદરવી નોમ છે એટલે લોકો ખુબજ ઉત્સાહ સાથે બાબા રામદેવ પીર ના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે ભક્તો ધ્વરા બાબા ને પ્રસાદી રૂપે શ્રીફળ ,પ્રસાદ કપડાનો ઘોડો તેમજ નેજા ચડાવતા હોયછે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા લાધાપુરા વિસ્તાર માં આવેલા બાબા રામદેવ પીર ના મંદિરે લોકો ખુબજ ઉત્સાહ સાથે વાજા ગાજતે બાબા ને નેજા ચડાવ્યા હતા અને પોતાની માનતા પૂર્ણ કરી હતી ધાનેરા માં રહેતા રમેશભાઈ રાણાભાઈ બોધુ ના ઘરે ડી જે સાથે ધાનેરા ના વિવિધ માર્ગો ઉપર ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી તે બાદ ધાનેરા રામાપીર ના મંદિરે પહોંચી બાબા ને નેજા ચડાવી તેમની મનોકામના પૂર્ણ કરી હતી લાધાપુરા માં આવેલા રામદેવપીર ના મંદિરે ભાદરવા મહિના માં ત્રિદિવસીય મહોત્સવ ઉજવવામાં આવે છે જેમાં નોમ ના દિવસે રામાપીર ને નેજા ચડાવવામાં આવે છે અને રાત્રે જાગરણ કરવામાં આવે છે બીજા દિવસે બાબા ની રામધૂન ગાવા માં આવે તે બાદ અગિયારસ ના દિવસે ભવ્ય શોભાયાત્ર નીકળી કાર્યક્રમ ની પૂર્ણહુતી કરવામાં આવે છે.

# પ્રાંતિજ ખાતે ભોઈ સમાજની મહિલાઓ દ્વારા જલયાત્રા યોજાઈ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે શિગોડા ભોઈ સમાજની મહિલાઓ દ્વારા મટકી યાત્રા (જલયાત્રા) કાઢવામાં આવી હતી. જેમાં ભોઈ સમાજની મહિલાઓ દ્વારા માથે મટકી મુકીને યાત્રામાં જોડાઈ હતી.



પ્રાંતિજ ખાતે રહેતાં શ્રીમાળી શિગોડા ભોઈ સમાજની મહિલાઓ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ નોમના પ્રવિત્ર દિવસે મોટામાઢેથી ગાગર બેલડી જલયાત્રા કાઢવામાં આવી હતી.

જયારે સંતાન પ્રાપ્તિ અને કુટુંબના કલ્યાણ અર્થે તેવો માતાજીની બાધા રાખેછે અને શિગોડા ભોઈ સમાજ પાણી સાથે સંકળાયેલો છે જેથી જળ દેવતાની તેઓ શ્રધ્ધા પૂર્વક પૂજા અર્ચના કરેછે અને માતાજીની બાધા પણ રાખતાં હોય છે ત્યારે આ પવિત્ર દિવસે સમાજની મહિલાઓ મહાકાલી પાસે આવેલ મંદિરે એકઠાં થઈને આ દિવસે સમુહમાં માનેલ બાધા પૂર્ણ થતાં અને જલ દેવની પુંજા માટે માથે બેડા મૂકી ઢોલ-નગારા સાથે પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ જલયાત્રા નેશનલ હાઈવે આઠ શ્રી માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે જઈને જલયાત્રા સમાપન કરવામાં આવે છે.

# લીંબોદરા ખેલ મહાકુંભમાં સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

કલોલ તાલુકાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં શ્રી પ્રબોધ પોપટલાલ રવચંદ શાહ હાઈસ્કૂલનો અન્ડર-૧૪માં ભાઈઓની કબડ્ડીમાં બીજું સ્થાન અને અન્ડર-૧૭ બહેનોની ખો-ખોની ટીમે પણ બીજું સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. વિજેતા ટીમને વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

### લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

પ્રેમસ્વરૂપ પરમાત્માના પર્યાય સમા ગુરુ મળવા એ પણ અહોભાગ્ય જ ગણાય.!!

વ્યાસપૂર્ણિમાના મંગલ પર્વે આવા સદગુરુઓ આપણા દેશને સાંપડી રહો એ જ જગદગુરુ શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રાર્થના!!!

**સ્પર્શમણિ**

ગુરુના આમ તો ઘણા પ્રકાર છે પરંતુ મુખ્યત્વે એ સૌને ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.

(૧) પાષણગુરુ (૨) પર્ણગુરુ અને (૩) નૌકાગુરુ

પથ્થરની જેમ જે પોતે ડૂબે અને બીજાને પણ ડૂબાડે તે પાષણગુરુ

પાંદડાની માફક જે પોતે તરે પણ અન્યને ન તારી શકે તે પર્ણગુરુ

જયારે નૌકાની જેમ જે પોતે પણ તરે અને અન્યને પણ તારી શકે તે નૌકાગુરુ. આવા નૌકાગુરુ જગતમાં દુર્લભ હોય છે.

- rasikvaland1965@gmail.com

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

“અને... પાછા નાટક તો સામાજીક એકતાના કરે..!! રાષ્ટ્ર એકતાની વાતો કરે... સમાજને વેરણ-છેરણ કરી સામાજીક સંગઠનના રૂપાળા પ્રવચનો થાય..!! અને પાછા આપણે તાલીઓ પાડીએ..?!”

“ભુંડા દેખાઈને તાલીઓ પાડીએ છીએ..!! ખરૂ ને સાહેબ... આવા નેતાઓને સીધાદોર કરવા જોઈએ... આવા રાજકારણીઓને ઉઘાડા પાડવા જોઈએ... એમની બોલતી બંધ કરવી જોઈએ..!!”

“હં...અ... ત્યારે પેલા રામદેવપીરનો નેજો સમાજના બધાજ રંગોને એક સાથે ફરકાવશે..!! આજે પણ રણુજાના ધામમાં હિન્દુ-મુસ્લિમ-શીખ-ઈસાઈ એક સાથે પગે લાગવા જાય છે... એ જસાચી સામાજીક એકતા છે... એ જ સાચી રાષ્ટ્રીય એકતા છે..!”

“... ત્યારે આપણે હેલો... રામદેવપીરના ધામ સુધી પહોંચે..! અને ત્યારે આપણા મનમાં ભાવ ઉઠે કે હુકમ કરો તો પીર જાત્રાએ જાય..!!!”

- નિમિત્ત માત્ર

### મોસમનો કુલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૪૮ ટકા, ગાંધીનગર જિલ્લામાં ૧૪૭ ટકા, સાબરકાંઠા જિલ્લામાં ૧૨૩ ટકા, બોટાદ જિલ્લામાં ૧૨૦ ટકા, મહેસાણા જિલ્લામાં ૧૧૦ ટકા, રાજકોટ જિલ્લામાં ૧૧૦ ટકા, વલસાડ જિલ્લામાં ૧૦૪ ટકા, ગિર-સોમનાથ જિલ્લામાં ૧૦૩ ટકા અને જામનગર જિલ્લામાં મોસમના સરેરાશ વરસાદની સામે ૧૦૦ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. કુલ ૧૦૫ તાલુકાઓમાં સો ટકાથી વધુ વરસાદ પડ્યો છે. રાજયમાં જુલાઈ તથા ઓગસ્ટમાં બે ભાગમાં સપ્રમાણ વહેંચણી સાથે યોગ્ય સમયગાળે પુરતા પ્રમાણમાં વરસાદ થતાં જળાશયો પણ સમૃદ્ધ થયા છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજયના ૨૦૩ જળાશયોમાં અત્યારે ૩,૫૦,૬૨૬ એમસીએફટી પાણીનો સંગ્રહ થયેલો છે, જે રાજયના જળાશયોની કુલ સંગ્રહશક્તિના ૬૩ ટકા છે. રાજયના ૪૩ જળાશયો અત્યારે પૂર્ણ ક્ષમતાએ એટલે કે સો એ સો ટકા ભરાયેલા છે. જ્યારે ૬૧ જળાશયોમાં ૭૦ થી ૧૦૦ ટકા જેટલું પાણી ભરાયેલું છે. ૨૫ જળાશયો એવા છે કે જેમાં ૫૦ ટકાથી ૭૦ ટકા પાણીનો સંગ્રહ થયેલો છે. જ્યારે ગુજરાતની જીવાદોરી-સરદાર સરોવર નર્મદા યોજનાના સરદાર સરોવરમાં ૬૦ ટકા પાણી ભરાયેલું છે. ઉકાઈ જળાશયમાં પણ પાણીનો આવરો વધ્યો છે. ગઈકાલ સાંજથી ૪૪,૦૦૦ ક્યુસેક્સ પાણી આવી રહ્યું છે. નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં ખુબ જ સારા, સપ્રમાણ અને સમયાંતરે થયેલા વરસાદને કારણે ખરીફ પાકોમાં કટોકટીની અવસ્થાએ પુરતો ભેજ જળવાઈ રહ્યો છે.

પરિણામે સિંચાઈની મર્યાદિત સગવડ ધરાવતા વિસ્તારોમાં પણ ખરીફ પાકો પર ખુબ જ સાનુકુળ અસર થઈ છે. તેમણે જણાવ્યું હતું કે, ઓગસ્ટના છેલ્લા અઠવાડિયા સુધીમા ડાંગર, મગફળી, સોયાબીન અને કઠોળના પાકોમાં રાજયમાં પાછલા વર્ષોની સરેરાશ કરતાં પણ વધુ વાવણી થઈ છે.

### મેંઘતાંડવથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાથ ધરાયા છે. ૫૦૦૦ મેટ્રિકટન કચરાનો નિકાલ કરાયો છે. મહારાષ્ટ્રના સંસદીય બાબતોના પ્રધાન ગીરીશ બાપતે દક્ષિણ મુંબઈમાં ફસાયેલા લોકોને અપીલ કરી છે કે, તેઓ તેમના ઘરનો ઉપયોગ સ્થિતિ સુધરે ત્યાં સુધી આશ્રય સ્થાન તરીકે કરી શકે છે. ફેસબુક મારફતે તેઓએ આ અપીલ કરી છે. બીજી બાજુ રાહત સામગ્રી અસરગ્રસ્તોને પહોંચાડવામાં આવી રહી છે. મુંબઈમાં લોકલ ટ્રેન સેવા શરૂ થતાં લોકોને રાહત થઈ છે. દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ભારે વરસાદ બાદ સ્થિતીમાં હજુ સુધી ઉલ્લેખનીય સુધારો થયો નથી. આજે પણ કેટલાક ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો હતો. હિન્દમાતા, લોઅર પરેલ, મલાડ, બાન્દ્રા, કુર્લા સહિતના નીચાણવાળા વિસ્તારો હજુ જળબંબાકાર થયેલા છે. લોકોને તેમના ઘરમાંથી બહાર ન નિકળવા માટેની ચેતવણી આપવામાં આવી ચુકી છે. મુંબઈમાં ભારે વરસાદ બાદ રેડ વોર્નિંગ જારી કરવામાં આવી છે. અનેક વિસ્તારોમાં હજુ ઘુટણ સુધી પાણી ભરાયેલા છે. મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેન સેવા આંશિકરીતે ઠપ જેવી સ્થિતીમાં છે. અલબત્ત ગઈકાલની સરખામણીમાં સ્થિતીમાં સુધારો થયો છે. સેન્ટરલ, નોર્થ અને હાર્બર લાઈન પર ટ્રેનો મોડેથી દોડી રહી છે. એનડીઆરએફની ૧૦ ટીમો બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. કેટલીક જગ્યાએ ટ્રેક પર પાણી ફરી વળ્યા છે. વરસાદના કારણે લોકોની તકલીફ વધી ગઈ છે. લોકલ ટ્રેનો શરૂ કરવામાં આવી છે પરંતુ મોડેથી તમામ ટ્રેનો દોડી રહી છે.

### મોંઘી બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોંઘી થશે. લકઝરી કારોના વેચાણ ઉપર આની સીધી અસર થઈ શકે છે. ઉંચા સેસને લાગૂ કરવાની દરખાસ્તને લીલીઝંડી આપી દેવામાં આવી હતી. કેબિનેટની બેઠક આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. જીએસટી કાઉન્સિલની પાંચમી ઓગસ્ટના દિવસે મળેલી બેઠકમાં એસયુવી, મોટી અને લકઝરી કાર ઉપર સેસને વધારવાને લીલીઝંડી આપવામાં આવી હતી. લકઝરી કારને લઈને હાલમાં જીએસટી વ્યવસ્થા હેઠળ ચર્ચા ચાલી રહી હતી. જીએસટી એક્ટ ૨૦૧૭ની કલમોમાં સુધારો કરવામાં આવ્યો છે. જીએસટી પછી કુલ ટેક્સ ૪૩ ટકા થયો હતો. મોટાભાગની એસયુવીની કિંમતોમાં હવે વધુ વધારો થઈ શકે છે. સેસમાં વધારો કરવામાં આવ્યા બાદ અગાઉ કરાયેલા કાપની સ્થિતિ બદલાઈ જશે અને ફરી એકવાર કિંમતોમાં વધારો થશે. લકઝરી કાર અને એસયુવી જેવી મોટી કાર ચલાવનાર વર્ગ અમીર વર્ગ હોવાથી આને લઈને વધારે હોબાળો થવાની શક્યતા નહીંવત દેખાઈ રહી છે. સેસ ઉપર મર્યાદાને વધારી દેવામાં આવી છે.

### બોંબરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બોંબરો ૧૬ અને ૧૭મી ઓગસ્ટના દિવસે પૂંચમાં અંકુશ રેખા મારફતે ઘુસી ગયા હતા. ત્યારબાદ આ લોકો ચાર અને ત્રણના ગ્રુપમાં વહેંચાઈ ગયા છે. એક ગ્રુપ જમ્મુ કાશ્મીરમાં ઘુસી ગયું છે જ્યારે અન્ય ગ્રુપ શ્રીનગર તરફ ઘુસી ગયું છે. બીજી આઈબી માહિતી ૨૪મી ઓગસ્ટના દિવસે સુરક્ષા દળોને આપવામાં આવી હતી. પુલવામા હુમલાના બે દિવસ પહેલા આ માહિતી અપાઈ હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, ચાર આતંકવાદીઓ જમ્મુ સેક્ટરમાં ઘુસણખોરી કરી ગયા છે. નરોવાલમાં રહેલા વિસ્તાર મારફતે આ લોકો જમ્મુ સેક્ટરમાં ઘુસી ગયા છે. ભારતીય બાજુમાં ગુરદાસપુર તરફ આગળ વધી ગયા છે. ૧૬ અને ૧૭મી ઓગસ્ટના દિવસે આ લોકો ઘુસણખોરી કરી ગયા હતા. પૂંચ સેક્ટરમાં સરહદ ઉપર ભારતીય સેના ફરજ બજાવે છે જ્યારે આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ગુરદાસપુર ખાતે બીએસએફ ફરજ બજાવે છે. જિલ્લા પોલીસ લાઈન કેમ્પસ પુલવામાં જમ્મુ કાશ્મીર પોલીસના પરિવાર રહે છે. અહીં પહેલાથી જ સુરક્ષા વધારી દેવામાં આવી છે. સુત્રોનું કહેવું છે કે, જૈશે મોહમ્મદના ત્રાસવાદીઓ સુરક્ષા દળોને થાપ આપીને ઘુસી ગયા બાદ ખતરા દેખાઈ રહ્યા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, જૈશે મોહમ્મદના ૧૧ આત્મઘાતી હુમલાખોરો પૈકીના આઠ ત્રાસવાદીઓ ખીણ અથવા તો પંજાબમાં હજુ છુપાયેલા છે અને આ ત્રાસવાદીઓ સેના, સીઆરપીએફ, જમ્મુ કાશ્મીર પોલીસને ટાર્ગેટ બનાવી શકે છે. આના કારણે જોરદાર ખતરો તોળાઈ રહ્યો છે.

સુરક્ષા દળોને ખુબ સાવધાનીપૂર્વક હાલમાં આગળ વધવાની જરૂરીયાત દેખાઈ રહી છે. જમ્મુ કાશ્મીર અને પંજાબમાં પહેલાથી જ ત્રાસવાદીઓ હુમલા કરતા રહ્યા છે. આવી સ્થિતિમાં વધુ હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. મૌલાના મસુદ અઝહર મોટા હુમલાને અંજામ આપવા માટે પોતાના સાગરિતોને કડક સુચના આપી ચુક્યો છે.

### સેટેલાઈટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વખત ખાનગી કંપનીઓને સીધીરીતે સામેલ કરવામાં આવી છે. આઈઆરએનએસએસ-૧ એચને બનાવવામાં ખાનગી કંપનીઓનું ૨૫ ટકા યોગદાન રહ્યું છે. એક વખતે લોંચ થઈ ગયા બાદ લોકેશન આધારિત સર્વિસ મારફતે આઈઆરએનએસએસ રેલવે, સર્વે અને અનેક બીજી ચીજોમાં ઉપયોગી સાબિત થશે.

### નોંધ લેવાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુશ્રી પંડ્યાએ બાળકોની શક્તિઓ જાણી તેમને મુક્ત રીતે ખિલવા દઈએ. તેમણે જણાવ્યુ હતુકે આજના આ વર્કશોપમાં જુવેનાઈલ એક્ટ સહિત ઘણા બધા મુદ્દાઓની ચર્ચા થવાની છે તેમણે આયોગના આગામી કાર્યક્રમોની પણ જાણકારી આપી હતી.

આજના આ વર્કશોપમાં રાષ્ટ્રીય બાળ આયોગના પ્રિયાંક કાનુ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વર્કશોપ દરમ્યાન ઉપસ્થિત સીડબલ્યુસી અને જે.જે.ના કાર્યકરો સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરી ગુજરાત બાળ આયોગના અભિગમને બિરદાવ્યો હતો.

આ વર્કશોપમાં અવનીબેન શાહ અને રીટાબેન ગાંધીએ પણ સુંદર માર્ગદર્શન આપી બાળ અધિકાર અંગેની ટુંકી ફિલ્મ રજુ કરી હતી.